# ખેડબ્રહ્મા નગરપાલિકામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે ટાઈ





ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં પ્રજાએ વોટ કર્યા બાદ નેતાના ભવિષ્ય ઈવીએમમાં સીલ થયા હતા. સોમવાર સવારે પ્રાંત ઓફીસ ખાતે મત ગણતરી યોજાઇ હતી. પોતાના ઉમેદવારને જીતતા જોવા માટે વહેલી સવારથી જ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં પ્રાંત કચેરી ખાતે જમા થઈ ગયા હતા. સવારે ૯ વાગે મતગણતરી શરૂ કરવામાં આવી હતી.

જેમાં કોંગ્રેસના પરંપરાગત વોર્ડ નંબર-૧માં કોંગ્રેસની પેનલ બહાર નીકળતા ટેકેદારોએ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી.

જ્યારે બજારમાં સમીકરણો મુજબ ભાજપ બોડી બનાવશે તેવું લાગી રહ્યું હતું પરંતુ પ્રથમ પાંચ વોર્ડ સુધી કોંગ્રેસે ૧૩ સામે ભાજપને ૭ સીટો મળતા ભાજપના કાર્યક્રમો ઉત્સાહ ધીમો પડી ગયો હતો.

પરંતુ વોર્ડ નંબર ૬માં ભાજપની પેનલ આવતા ભાજપ ફરીથી ટક્કરમાં આવી ગયું હતું ત્યારે સમીકરણ ૧૩ કોંગ્રેસ અને ૧૧ ભાજપનું સમીકરણ થયું હતું. ત્યારબાદ વોર્ડ નંબર ૭ એટલે કોંગ્રેસ પરંપરાગત વોર્ડ ગણવામાં આવે છે.

જેમાં હાલ નગરપાલિકાના ઉપપ્રમુખ ચૂંટણી લડી રહ્યા હતા જેમની સામે જીતવુ ભાજપ માટે અશક્ય લાગતું હતું પરંતુ ભાજપના કાર્યકરોની મહેનતથી ભાજપની ૩ અને કોંગ્રેસની ૧ સીટ આવતા ભાજપ ૧૪ અને કોંગ્રેસ ૧૪ પર આવી જતા ટાઇ પડી હતી . જેથી ત્યાં હાજર કાર્યકરોમાં એક સમય માટે સોપો પડી ગયો હતો.

નગરપાલિકામાં ટાઈ પડતા લોકો જાતજાતના સમીકરણો રચવા લાગ્યા છે. ભાજપે જુના લોકોની ટિકિટો કાપી નવા ચહેરાઓને ટિકિટ આપતાં લોકોએ તેમને ચૂંટી કાઢયા હતા. ભાજપે ૩ જુના ચહેરા રાખ્યા હતા તેમાંથી એકનો જ વિજય થયો હતો જ્યારે કૉંગ્રેસના ૩ જુના ચહેરાઓને લોકોએ ઘરે મોકલી દીધા હતા. ખેડબ્રહ્માની જનતાએ નવા ચહેરા પર વિશ્વાસ રાખી બંને તરફ નવા ચહેરા વધુ ચૂંટાયા છે. વોર્ડ ૧ અને ૨ ભાજપના ગોવિંદભાઈ પરમાર અને જીગ્નેશ ભાવસરને કૉંગ્રેસસની પેનલ ટુ પેનલ વોટિંગ નડી ગયું હતું. ત્યારે વોર્ડ ૩ માં પક્ષ પલટુ વલ્લભભાઈ પટેલ પર વિશ્વાસ ન રાખી કોંગ્રેસના જુના અને ભાજપના યુવા ચહેરાને પસંદ કર્યા હતા.

કોંગ્રેસના દિગ્ગજ નેતાઓમાં ચાલુ નગરપાલિકાના ઉપપ્રમુખ ગોપાલભાઈ પટેલ, વોર્ડ ૪ માં ગુદાદજી પ્રજાપતિ જે ફક્ત ૫ વોટથી પરાજય થયો હતો. વિજેતા જાહેર થયા બાદ કોંગ્રેસે બઝારમાં વિજયી સરઘસ કાઢ્યું હતું તો ભાજપે વોર્ડવાર સરઘસ કાઢું હતું.

મતગણતરી પ્રાંત અધિકારી કૌશિક મોદી, નાયબ મામલતદાર હર્ષ પરમાર, નગરપાલિકા સ્ટાફ, પ્રાત કચેરી સ્ટાફ સંપૂર્ણ કાર્યવાહી કરવામાં આવી હતી અને પીએસઆઈ એ.વી.દેસાઈ દ્વારા ચુસ્ત બંદોબસ્ત પૂરો પાડવામાં આવ્યો હતો.

## આવતીકાલે બનાસકાંઠામાં જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણી યોજાશે

પાલનપુર, તા. ૧૯

આવતીકાલ તા.૨૧ ફેબ્રુઆરી, બુધવારના રોજ બનાસકાંઠામાં જીલ્લા પંચાયત અને ૧૪ તા.પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં જીલ્લાના કુલ ૧૮,૮૬,૧૭૩ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જીલ્લાના કુલ ૨૩૧૬ મતદાન મથકો ઉપર ૧૧૫૮૦ જેટલા પોલીંગ સ્ટાફની નિમણુંક કરવામાં આવી છે. તેમજ ૨૪૪૧ જેટલા પોલીસ જવાનો ફરજ બજાવશે. બનાસકાંઠા જીલ્લા પંચાયતની કુલ ૬૬ બેઠકો છે. જે પૈકી ૧ બેઠક બિનહરીફ થતાં ૬૫ બેઠકો માટે મતદાન થશે. આ ચૂંટણી અન્યવે તમામ તાલુકાઓ માટે એક-એક ચૂંટણી અધિકારીશ્રી અને બે-બે મદદનીશ ચૂંટણી અધિકારીઓ નિમવામાં આવેલા છે. જેઓ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. મતદાન મથકોની કુલ સંખ્યા ૨૩૧૬ છે. જિલ્લા પંચાયતની ચૂટણીમાં મતદાન માટે ૨૨૮૩ સી.યુ. અને ૨૨૮૩બી.યુ. મશીનોનો ઉપયોગ થશે. તાલુકા પંચાયતોની કુલ ૩૫૦ બેઠકો પૈકી ૭ બેઠકો બિનહરીફ થતાં ૩૪૩ બેઠકો માટે મતદાન થશે.

# પ્રાંતિજમાં 'કહી ખુશી કહી ગમ'

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ૧૭મી ફેબ્રુઆરીના રોજ નગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી. જ્યારે ચૂંટણી બાદ ૧૯મી તારીખે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પરીણામો જાહેર થતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મલ્યો હતો. તો ઠેર-ઠેર વિજય ઉમેદવારોના વિજય સર્ઘષ નિકળ્યા હતા.

પ્રાંતિજ નગરપાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠકો માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ-કોંગ્રેસ અપક્ષો સહિત ૭૧ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધવી હતી અને ૧૭-૨-૨૦૧૮ને શનિવારના રોજ ચૂંટણી યોજાઈ હતી અને એક દિવસ બાદ તા.૧૯-૨-૨૦૧૮ને સોમવારના રોજ પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે સવારે ૯ વાગ્યાથી મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં એક પછી એક વોર્ડના પરીણામો જાહેર થતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મલ્યો હતો તો ચુંટાયેલા ઉમેદવારોને ટેકેદારો દ્વારા ફુલહાર અબીલ ગુલાલ દ્વારા સ્વાગત કરતાં અને ગળે ભેટીને અભિનંદન પાઠવતાં જોવા મલ્યા હતા. તાલુકા સેવાસદન બહાર રોડ ઉપર ઠેરઠેર નગરપાલિકાના વિજય ઉમેદવારોના સર્ઘષ જોવાં મલ્યાં હતાં તો ભાજપની ૧૭ બેઠકો આવતા આ વખતે પણ નગરપાલિકા ભાજપ પાસે રહી છે. તો કોંગ્રેસ દ્વારા આ વખતે એક સીટ મળતાં ખાતું ખોલ્યું છે. ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરીના અધ્યસ્થ સ્થાને નિષ્ઠા પૂર્વક મત ગણતરી યોજાઈ હતી.



- વોર્ડ નંબર- ૧ અને વોર્ડ નંબર- ૬માં ભાજપ પેનલ ટુ પેનલ ચાલી
- વોર્ડ-૬ના ઉમેદવાર અરવિંદકુમાર કાલીદાસ પરમાર તથા વોર્ડ નંબર-૪ના ઉમેદવાર નયનકુમાર ભરતભાઇ દેસાઇનો સતત ચોથા ટમમાં ભવ્ય વિજય.
- કોંગ્રેસના શહેર પ્રમુખ અમરીશભાઇ સોમાભાઇ પટેલનો માત્ર બે મતોથી પરાજય થયો.
- આ વર્ષે કોંગ્રેસે મહિલા ઉમેદવાર દિપ્તીબેન હાર્દિક કુમાર બ્રહ્મભટ્ટે ખાતું ખોલ્યું.
- અપક્ષ ઉમેદવાર જગદીશભાઇ લચ્છુમલ કિમતાણીનો પણ સતત ચોથા ટમમા વિજય
- વોર્ડ નંબર-૧ના ભાજપના ઉમેદવાર દિલીપભાઇ રાવળનો પણ સતત ત્રીજી વખત વિજય થયો છે.
- પ્રાંતિજ નગરપાલિકામાં વિજય થયેલ ભાજપ-કોંગ્રેસ-અપક્ષ ૨૪ ઉમેદવારોના નામ વોર્ડ નીચે મુજબ છે.

**વોર્ડ નં-૧ પરિમાણ**

દક્ષાબેન જીતેન્દ્ર કુમાર મકવાણા- ૧૩૨૫ - ભાજપ
સીતાબેન ધૂળાજી વણઝારા- ૧૦૪૦ - ભાજપ
ગોવિંદજી કેશાજી પરમાર- ૧૪૬૭ - ભાજપ
દિલીપકુમાર પશાભાઇ રાવળ- ૧૧૭૬ - ભાજપ
- પેનલ નો વિજય

**વોર્ડ નં-૨ નું પરિણામ**

જશોદાબેન નટવરસિંહ રાઠોડ- ૬૧૩ - ભાજપ
કોકીલાબેન વિજયકુમાર પટેલ -૮૦૪ - ભાજપ
જગદીશભાઇ લચ્છુમલ કિમતાણી - ૧૦૮૪ - અપક્ષ
ધવલ ભાસ્કરભાઇ રાવલ- ૧૦૭૪ - ભાજપ

**વોર્ડ નં-૩ નું પરિણામ**

ગીતાબેન સંજયભાઇ પટેલ -૧૧૩૭ - ભાજપ
રીટાબેન દીલીપભાઇ રાઠોડ- ૭૮૩ - ભાજપ
દિપક હસમુખભાઇ કડીયા-૧૧૫૧ - ભાજપ
નિખીલ ચીનુભાઇ પટેલ- ૧૧૬૦ - અપક્ષ

**વોર્ડ- ૪નું પરિણામ**

દિપ્તીબેન હાર્દિકકુમાર બ્રહ્મ ભટ્ટ- ૮૯૩ - કોંગ્રેસ
ગીતાબેન બિપીપકુમાર સોની- ૭૬૬ - ભાજપ
નયનકુમાર ભરતભાઇ દેસાઇ- ૮૬૮ - ભાજપ
રાજેશભાઇ રતિલાલ ટેકવાણી- ૮૩૬ - ભાજપ
વોર્ડ નંબર- ૪ મા ત્રણ ભાજપ તથા કોંગ્રેસે ખાતું ખોલ્યું

**વોર્ડ- ૫ નું પરિણામ**

લધુમતી સમાજની બેઠક છે કોઇ પક્ષે મેન્ડેટ આપ્યો નથી બધા જ અપક્ષ ઉમેદવારો છે
શમસાદબેગમ મુશ્તાક એહમદ ધડકણવાલા - ૧૦૯૬ - અપક્ષ
સલમાબીબી મકબુલહુસેન ભાણાવાલા - ૪૮૮ - અપક્ષ
મોહંમદ મોહસીન મોહંમદ ઈરફાન છાલોટીયા - ૧૧૩૫ - અપક્ષ
મોહમદયુનુસ ઈસ્માઇલભાઇ રાણા - ૭૪૫ - અપક્ષ

**વોર્ડ નંબર- ૬નું પરિણામ**

મોજીબેન લલ્લુભાઇ રબારી- ૯૫૬ - ભાજપ
શિલ્પબેન મહેશસિંહ મકવાણા- ૮૫૦ - ભાજપ
અરવિંદકુમાર કાલીદાસ પરમાર - ૧૧૧૨ - ભાજપ
મહેબુબખા અહમદખાં બલોચ ૧૦૫૨ - ભાજપ
તો વોર્ડ નંબર- ૬ માં ભાજપ પેનલનો વિજય

**નગરપાલિકાની કુલ બેઠકો - ૨૪**
**ભાજપની કુલ સીટો - ૧૭**
**કોંગ્રેસની કુલ સીટો - ૧**
**અપક્ષની કુલ સીટો - ૬**

# ધાનેરામાં કોંગ્રેસને બહુમતીથી સત્તા

## કોંગ્રેસે ૨૮માંથી ૧૮ સીટ મેળવી તો ભાજપને માત્ર ૧૦ જ બેઠક : ધાનેરામાં કોંગ્રેસના ઉમેદવારોનું વિજય સરઘસ આકર્ષણનું કેન્દ્ર

બનાસકાંઠા જિલ્લા ની ધાનેરા નગરપાલિકા માં ખુબજ બહુમતી કોંગ્રેસે કબ્જો મેળવ્યો છે જેને ધાનેરા ના લોકો માં ખુબજ ઉત્સાહ જોવા મળી રહી રહ્યો છે તો બીજી તરફ કોંગ્રેસ ના દરેક ઉમેદવારો ધ્વરા મતદારો નોપ આભાર મણિ ધાનેરા નો સારો વિકાસ કરવાની ખાતરી આપી છે

ગત ટર્મ ની ચૂંટણી ધાનેરા નગરપાલિકા કોંગ્રેસે કબ્જે કરી હતી અને ધાનેરા માં સારા વિકાશ ના કામો કાર્ય હતા પરંતુ ભાજપ ધ્વરા કોંગ્રેસ ના ચાર સભ્યો ખરીદી કોંગ્રેસ પાસેથી ધાનેરા નગરક આંચકી લીધી હતી અને તે બાદ નગરપાલિકા ઉપર ભાજપ નું શાશન ચાલુ થયું હતું પરંતુ ભાજપ ના શાશન થી ધાનેરા માં ભારે નારાજગી જોવા મળી રહી હતી અને ધાનેરા ના વિકાશ ના કામો અટવાઈ જવા પામ્યા હતા અને ધાનેરા પ્રજા ગંદકી સફાઈ પાણી જેવી અનેક સમસ્યા થી પીડાઈ રહી હતી ત્યારે આ વખત ની ચૂંટણી ધાનેરા ની જનતાએ ભાજપ શાષા ને જાકારો આપ્યો છે અને કોંગ્રેસ ના ઉમેદવારો ને વિજયી બનાવ્યા છે ધાનેરા નગરપાલિકા ના ૨૮ સીટ નું મતદાન યોજાયું હતું જેમાં કોંગ્રેસ ના ૧૮ ઉમેદવારો નો ભવ્ય વિજય થયો હતો તો ભાજપ ને માત્ર ૧૦ જ સીટ મળી હતી ધાનેરા માં કોંગ્રેસ નો વિજય થતા કોંગ્રેસ ના બળવંતભાઈ બારોટ દ્વારા ધાનેરા ની જનતા નો કહુંખૂબ આભાર માન્યો હતો અને ધાનેરા સારો વિકાસ કરવાની લોકો ને ખાતરી આપી હતી

ધાનેરા માં કોંગ્રેસ નો વિજય થતા ધાનેરા જનતા માં પણ ભારે ખુશી નો માહોલ જોવા મળ્યો હતો અને ધાનેરા ના જાહેર માર્ગો ઉપર વિજેતા ઉમેદવારો સાથે વિશાલ વિજય સંર્ઘષ નીકાળ્યું હતું અને ઠેર ઠેર વિજેતા ના ઉમેદવારો ને ફુલહાર પહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું અને અભ્યનન્દન આપ્યા હતા ત્યારે ધાનેરા પ્રજા ઈચ્છી રહી છે કે કોંગ્રેસ ના ઉમેદવારો ઉપર મુકેલો વિસાવર કોંગ્રેસ ના ઉમેદવારો પૂરો કરે અને ધાનેરા નો સારો એવો વિકાશ કરે.



# બાયડ પાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપને એક બેઠકનું નુકશાન

## પેટા ચૂંટણીમાં વોર્ડ નં-૧ ભાજપે ફરીથી બેઠક હાંસલ કરી અને વોર્ડ નં-૨ની બેઠક ભાજપે ગુમાવી

મોડાસા, તા. ૧૯

બાયડ નગરપાલિકાના ૨ વોર્ડની પેટા ચૂંટણી શનિવારે યોજાઈ હતી. ત્યારે ગતરોજ સવારે ૯ કલાકે મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં વોર્ડ નં ૧માં ભાજપના બળવાખોર અને સત્તા લાલચુ અરવિંદ પ્રજાપતીએ કોંગ્રેસમાંથી ઉમેદવારી કરી હતી. ત્યારે ભાજપના ઉમેદવાર હિતેશભાઈ પટેલે ૨૦૪ મતોની લીડથી વિજેતા બની અરવિંદ પ્રજાપતિને ઘર ભેગા કર્યા હતા. વોર્ડ નં. ૧ના મતદારોએ બળવાખોર અરવિંદ પ્રજાપતીને જાકારો આપી હારનો સ્વાદ ચખાડ્યો હતો. પહેલાથી અરવિંદ પ્રજાપતીને હારની ખબર પડી ગઈ હોય તેમ મત ગણતરી સ્થળે ફરક્યા ન હતા. ત્યારે વોર્ડ નં ૨માં ભાજપના ઉમેદવાર ઉષાબેન રતિભાઈ પટેલને ૧૮૬ મતોથી હારનો સામનો કરવો પડ્યો હતો અને કોંગ્રેસ ના ઉમેદવાર કૈલાશબેન પટેલ વિજેતા બન્યા હતા. પાલિકામાં ભાજપની સત્તા હતી તે વખતે ૧૩ બેઠકો ભાજપ જોડે હતી અને ૧૧ બેઠકો એન.સી.પી (કોંગ્રેસ) જોડે હતી તેમાંથી આ પેટા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ (એન.સી.પી.)ને એક એક બેઠક મળતા પાલિકામાં બંને પક્ષોને સ્પષ્ટ બહુમતી મળી નથી.

## થરાદ શહેરની રાજેન્દ્રનગર સોસાયટીમાં ઘરફોડ ચોરી થતાં ચકચાર

રવિવારની બપોરના સુમારે થરાદ શહેરની રાજેન્દ્રનગર સોસાયટીમાં રહેતા મનોજભાઈ નેતાભાઈ સોલંકી પોતાનું મકાન બંધ કરીને તેમના સંબંધીને ત્યાં ગયા હતા.જેઓ સાંજના ૫:૦૦ વાગ્યે પરત આવતાં તેમના મકાનનું તાળુ ઘરની તિજોરી તૂટેલી હાલતમાં તથા ઘરનો બધો સામાન અસ્તવ્યસ્ત જણાતાં ચોરી થયાનું માલુમ પડ્યું હતું.આ અંગે તપાસ કરતાં અજાણ્યા તસ્કરોએ તેમના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના તથા મોબાઈલ ફોન મળીને રૂપિયા ૯૫ હજારની મતાની ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવની તેમણે થરાદ પોલીસ મથકને જાણ કરી હતી.આથી ઈન્ચાર્જ પીઆઈ બી.આર.પટેલ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતાં તેમણે ડોગ સ્કવોડ તથા એફ.એસ.એલ.ની મદદ માગી વધુ કાર્યવાહી હાથ ધરી હતી

# થરાદપાલિકામાં ભાજપને ૧૨, કોંગ્રેસ તથા અપક્ષને ફાળે ૮-૮ બેઠકો

## નગરમાં ૨૮ ઉમેદવાર જીતતાં ઠેર ઠેર વિજયી સરઘસ નીકળ્યા

શનિવારે થરાદ નગર પાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ૭૬.૭૮ ટકા મતદાન થયા બાદ સોમવારની સવારે ૮ થરાદ પ્રાંત કચેરી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મતગણતરી હાથ ધરાઈ હતી.તે સાથે જ પ્રાંત કચેરી આગળ સમર્થકોના ટોળેટોળા ઉમટ્યા હતાં.

મતગણતરી વોર્ડ વાઈઝ હાથ ધરવામાં આવતાં દર અડધા કલાકે એક વોર્ડ નું પરિણામ નીકળતું હતુ.જેમાં ઉમેદવારો જીતીને બહાર આવતાની સાથે જ સમર્થકો દ્વારા ફટાકડા, ઢોલ ફુલહાર તથા મીઠાઈથી મોં ગળ્યાં કરાવી ઠેરઠેર ગુલાલની છોળો સાથે ઉમેદવારોના વિજયી સરઘસ યોજાયા હતા. નગરપાલિકામાં ભાજપે ૧૨ અને કોંગ્રેસ તથા અપક્ષોએ ૮-૮ બેઠક મેળવતાં ભારે રસાકસીનો માહોલ સર્જાયો છે.પરિણામ બાદ હારજીતને લઈને ઉમેદવારોમાં તથા તેમના સમર્થકોમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો.નગરપાલિકાની ચુંટણીને ૧ ડીવાયએસપી, ૫ પીએસઆઈ, ૨ પીઆઈ ,૬૮ પોલીસકર્મી અને ૧૦ લેડીઝ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

૨૦-સામરવાડા મતદાર વિભાગ
તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૧૮



આપનો કિંમતી અને પવિત્ર મત ૨૦-સામરવાડા તાલુકા પંચાયતમાં સર્વાંગી વિકાસ માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ભવજી વનજી દેવડા ના નિશાન પંજા સામેનું વાદળી બટન દબાવી વિજયી બનાવવા નમ્ર વિનંતી.

દેવડા ભવજી વનજી

૨૦-સામરવાડા તાલુકા પંચાયત
કોંગ્રેસ પક્ષના ઉમેદવાર

મતદાન તારીખ : ૨૧-૦૨-૨૦૧૮ ને બુધવાર
સમય : સવારે ૮ થી સાંજે ૫ કલાક
મતદાન સ્થળ : પ્રાથમિક શાળા

૨૦-સામરવાડા મતદાર વિભાગ
તાલુકા પંચાયતની ચૂંટણી-૨૦૧૮



ગજાભાઈ પ્રેમાભાઈ ખરસાંણ
૨૦-સામરવાડા તાલુકા પંચાયત
ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર
મો. ૯૪૨૭૬૪૫૭૨૪

આપનો કિંમતી અને પવિત્ર મત ૨૦-સામરવાડા તાલુકા પંચાયતમાં સર્વાંગી વિકાસ માટે ભારતીય જનતા પાર્ટી પક્ષના ઉમેદવાર ગજાભાઈ પ્રેમાભાઈ ખરસાંણ ના નિશાન કમળ સામેનું વાદળી બટન દબાવી વિજયી બનાવવા નમ્ર વિનંતી.

| અ.નં. | ઉમેદવારનું નામ | નિશાન | ચોકડી |
|---|---|---|---|
| ૧ | ગજાભાઈ પ્રેમાભાઈ ખરસાંણ | | X |

મતદાન તારીખ : ૨૧-૦૨-૨૦૧૮ ને બુધવાર
સમય : સવારે ૮ થી સાંજે ૫ કલાક
મતદાન સ્થળ : પ્રાથમિક શાળા